GJVD020771402026

## ફોજદારી કેસ નં. ૭૩૩૫૭/૨૦૨૬

**-:: આંક-૦૧ લગત હુકમ ::-**

(૧) સદર કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ-૨૮૧ તથા એમ.વી.એકટ ની કલમ- ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ મુજબ ના શિક્ષા ને પાત્ર ગુન્હા નું ચાર્જશીટ અત્રેની અદાલત માં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુન્હા ના કામે આરોપી હાજર થતાં તેમને બી.એન.એસ.એસ. કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સ ની નકલો આપી આંક-૦૨ થી પ્લી લેતાં આરોપીએ ગુન્હા ની કબુલાત કરેલ છે તથા આંક-૦૩ થી ગુન્હા ની કબુલાત કરતી અલાયદી પુરસીસ રજુ કરેલ છે. આરોપીને તેઓની વિરુધ્ધના ગુન્હા ની સજા ની જોગવાઈ ની તથા તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપી ની ગુન્હા કબુલાત પુરસીસ રેકર્ડે લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા. આરોપીપક્ષે રજુઆત કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે, ગરીબ માણસ છે, તેઓના કુટુંબ ની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્ય માં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આમ, આરોપી ની મારી સમક્ષ ની સ્વેચ્છાપુર્વક ની કબુલાત ને આધારે આરોપી ને બી.એન.એસ.એસ. કલમ-૨૭૫ અન્વયે તેઓની વિરુધ્ધ ના ગુન્હા સબબ દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપી ની રજુઆત તથા કેસના સંજોગો તથા ગુન્હાની ગંભીરતા તથા સ્વરૂપ ધ્યાને લઈ ન્યાય ના હિત માં સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) સદર કામના આરોપી મુમતાજ હકીમમિયા આલમ, રહે. એરફોર્સ બ્રીજ પાસે વડોદરા શહેર, મુળ રહે.ગામ કોદરકટ બનકટવા પુર્વી ચંપારણ બિહાર ને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪, ૩, ૧૮૧ ના ગુના સબબ દોષિત ઠરાવી બી.એન.એસ. કલમ– ૨૮૧ ના ગુન્હા સબબ રૂ.૧,૦૦૦/– (એક હજાર પુરા) નો દંડ તથા તથા એમ.વી.એકટની કલમ–૧૭૭ ના ગુન્હા સબબ રૂ.૧૦૦/– (એક સો પુરા) નો દંડ તથા એમ.વી. એકટની કલમ–૧૮૪ ના ગુન્હા સબબ રૂ.૧૦૦/– (એક સો પુરા) નો દંડ તથા એમ.વી. એકટની કલમ–૩, ૧૮૧ ના ગુન્હા સબબ રૂ.૧૦૦/– નો દંડ મળી કુલ દંડ રૂ.૧૩૦૦/– (એક હજાર ત્રણ સો પુરા) ભરપાઈ કરવાનો તથા જો આરોપી દંડ ના ભરે તો દીન–૧૫ (પંદર) ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૧/૦૭/૨૦૨૬ ના રોજ લોક અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬<br>
વડોદરા

(જયેશકુમાર મુળાજી સોલંકી)<br>
૧૧ મા એડી. ચીફ જયુડી. મેજી. વડોદરા<br>
જી. જે. ૦૧૧૫૭

એચ. વિ. જાધવ–સ્ટેનો